ગાંધીનગર સમાચાર

**કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ ૩જીએ ગાંધીનગર આવે છે**

# પાટનગરમાં 'આપ'ની સભાને પ્રચંડ પ્રતિસાદ

**અરવિંદ કેજરીવાલની ગેરહાજરીમાં પણ હજારોની સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહેતા સરકાર ચિંતામાં : ગુજરાતના તમામ સળગતા મુદ્દાઓને પકડીને સભામાં સરકાર પર આકરા પ્રહારો થયા : દિવસભર પોલીસનો લોખંડી પહેરો રહ્યો**





ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને પગલે આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં માઈક્રો પ્લાનીંગથી પક્ષને મજબુત કરવા ડૉર ટુ ડૉર કેમ્પેઈનની રણનીતિ ઘડી છે. આજે આઝાદી સભા પાટનગરના સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે યોજાઈ હતી. આમ આદમી પાર્ટીની પ્રથમ સભા જેમાં અરવિંદ કેજરીવાલની પણ ગેરહાજરી હોવા છતાં હજારોની સંખ્યામાં કાર્યકરો આગેવાનો જોડાતા સરકારને પરસેવો છુટી ગયો છે. ગુજરાત રાજ્યના તમામ મહત્વના સળગતા પ્રશ્નોને લઈને આમ આદમી પાર્ટી મેદાનમાં ઉતરીને મતદારો આકર્ષિત કરી રહી છે. પાટનગરમાં 'આપ'ની પ્રથમ સભામાં ઉમટેલી કાર્યકરોની ભારે ભીડ જોતા સ્પષ્ટ કહી શકાય કે 'આપ'ના આ કાર્યક્રમને પ્રચંડ પ્રતિસાદ મળ્યો છે.

આમ આદમી પાર્ટી દ્વારા આઝાદી સભા શિર્ષક હેઠળ આયોજીત ગુજરાત પ્રદેશ બુથ કાર્યકર્તા સંમેલન આજે સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજાયુ હતુ. અરવિંદ કેજરીવાલ આ સભા સંબોધવાના હતા પરંતુ દિલ્હી મ્યુનિ. કોર્પોરેશનની ચૂંટણીમાં વ્યસ્તતાને કારણે ગાંધીનગર આવી શકે તેમ ન હોવાથી જાહેરાત તેમણે એક દિવસ પહેલા કરી દીધી હતી. કેજરીવાલની સભામાં ગેરહાજરી હોવા છતાં આ કાર્યક્રમમાં આશ્ચર્યજનક હાજરી કાર્યકરો-આગેવાનોની જોવા મળી હતી. દિલ્હી કેબીનેટ મંત્રી ગોપાલરાયની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સભામાં હજારોની સંખ્યામાં કાર્યકરો આગેવાનો જોડાતા કાર્યક્રમને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો.

ગુજરાત રાજ્યના પાટીદાર અનામત આંદોલન દરમ્યાન પાટીદારો પર દમન, દલીતો પર અત્યાચાર, સરકારનો ભ્રષ્ટાચાર, વાયબ્રન્ટના તાયફા, બેરોજગારી, ભરતી કૌભાંડ, ખેડૂતોની કફોડી હાલત અને આશાવર્કરો તથા ફિક્સ પે-કોન્ટ્રાક્ટ હેઠળના કર્મચારીઓના સળગતા મુદ્દાઓ પકડીને આમ આદમી પાર્ટી મેદાનમાં ઉતરી અને સરકાર પર આકરા પ્રહારો કરીને સરકારની ઝાટકણી નિકાળી હતી. આ કાર્યક્રમ માટે આઠ જિલ્લાની પોલીસને પાટનગરમાં સ્ટેન્ડ ટુ રાખવામાં આવી હતી. આપના પ્રથમ સફળ કાર્યક્રમને જોઈને સરકારે આઈબીને પણ દોડતી કરી દીધી છે.

## મંચ પાસે પાર્ટીની નીતિ-રીતિની સામે હોબાળો

આજે સત્યાગ્રહ છાવણી ખાતે આપ પાર્ટી દ્વારા આયોજીત ગુજરાત આઝાદી સભામાં મંચ પાસે બેઠેલા કેટલાક ઈસમોએ હોબાળો મચાવ્યો હતો. પાર્ટીની વિચારધારાથી બિલકુલ અલગ પાર્ટી ચાલી રહી છે તેવી બુમો પાડી આમ આદમી પાર્ટી ના વેશમાં આવેલા કેટલાક સાતેક કાર્યકરોએ સ્ટેજની સામે જ વિરોધ શરુ કરી દીધો હતો. આપના કાર્યકરો અને આગેવાનોએ વિરોધ પ્રદર્શન કરી રહેલા કાર્યકરોને બહાર લઈ ગયા હતા અને અન્ય પક્ષના માણસો કાર્યક્રમમાં ઘુસી ગયા હોવાનું દાવો કર્યો હતો. બંન્ને વચ્ચે ઝપાઝપી થયા હોવાના દ્રશ્યો પણ સર્જાયા હતા.

## ડિસેમ્બર સુધી સરકાર ચુંટણીની રાહ જોવે બાકી અમે બતાવી દઈશું : ગોપાલ રાય

**દલિત અત્યાચાર, પાટીદાર દમન, ખેડુતોની પાણીની સમસ્યા અને આશાવર્કરોની માંગણી સહિતના ગુજરાતના મોટાભાગના સળગતા મુદ્દાઓને લઈ "આપ" મેદાનમાં આવ્યું**

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતની જનતાની પસીનાની કમાણી સરકાર વાયબ્રન્ટમાં વાપરે છે. વાયબ્રન્ટમાં આવેલા ઉદ્યોગપતિઓ ગુજરાતને ઠેંગો બતાવી જતા રહે છે. રાજયની ભાજપની સરકાર ભ્રષ્ટ્રાચાર અને ઉદ્યોગપતિઓની સરકાર છે. શિક્ષણ નું વેપારીકરણ કરી દીધુ છે જેથી શિક્ષણનું સ્તર દિનપ્રતિદિન કથળતું જાય છે.સરકાર માત્ર પૈસાદારોને જ લ્હાણીમાં જે જોઈએ તે આપે છે. રાજયના પ્રજાજનોનો અવાજ દબાવાય છે. સરકાર માત્ર વિકાસની ભ્રામક વાતો કરે છે. ખરેખર જે વિકાસ થવો જોઈએ તે વિકાસ થયો નથી તેમ કહી આપ પાર્ટીના ગુજરાતના ચુંટણીના પ્રભારી ગોપાલ રાયે આકરા પ્રહારો કર્યા હતા. આજે ગાંધીનગર સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે આપ પાર્ટીના ગુજરાત બુથ કાર્યકર્તા દ્વારા ગુજરાત આઝાદી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટીસંખ્યામાં કાર્યકરો ભાઈ બહેનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે આપ પાર્ટીના ગુજરાતના ચુંટણીના પ્રભારી અને દિલ્હી સરકારના કેબીનેટ મંત્રી ગોપાલ રાયે સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ભાજપ અને કોંગ્રેસ બંન્ને ભષ્ટ્રાચારી છે. સરકાર જો ડિસેમ્બર માસમાં ચુંટણી યોજે તો માત્ર ૩ બેઠક ભાજપ સરકારની આવે. તેમજ દલિત અત્યાચાર, પાટીદાર દમન, ખેડુતોના પ્રશ્નો, અને આશાવર્કરો સહિતના સળગતા પ્રશ્નો અંગે સરકારની ઝાટકણી

● અનુસંધાન પાન-૭ પર

## નિરોગી બાળ યોજના અંતર્ગત જિલ્લાને ૪૦ લાખ રૂ. આપ્યા

**પાંચ વર્ષમાં જિલ્લાએ નિરોગી બાળ યોજના માટે ખર્ચ કર્યો ૨૮.૩૮ લાખ : ૧૫-૧૬ના વર્ષમાં સરકારે કહેવું પડયું બચત ગ્રાન્ટમાંથી તો ખર્ચ કરો**

ગાંધીનગર, તા.૨૬

નિરોગી બાળ સ્વસ્થ સમાજ, કુપોષણમુકત જિલ્લો જેવા સોહામણા નારાઓ વચ્ચે ગુજરાત સરકારે નિરોગી બાળ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાંથી માત્ર બે જ વર્ષ ગ્રાન્ટ ફાળવી છે. આ ગ્રાન્ટ પણ ૪૦ લાખ રૂ. અને ખર્ચ કર્યો માત્ર ૯.૨૪ લાખનો.

આ વિગતો રાજય સરકારે જ સ્વીકારી અને એકરાર કર્યો છે. આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નિરોગી બાળ યોજનાનો ૨૦૦૮થી અમલ શરૂ થયો છે.

ગાંધીનગર જિલ્લાને ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩માં આ યોજન અંતર્ગત ગ્રાન્ટનું એક પણ ફદિયુ રાજય સરકારે ફાળવ્યું નહતું. આ પછી ૨૦૧૩-૧૪માં સરકારે આ જિલ્લાને રૂ. ૧૦ લાખની ગ્રાન્ટ ફાળવી આપી હતી પરંતુ જિલ્લા તંત્ર આ ગ્રાન્ટ વાપરવામાં નિષ્ફળ રહ્યું હતું.

આ પછી વર્ષ ૨૦૧૪-૧૫માં સરકારે એકાએક જિલ્લાને રૂ. ૩૦ લાખની માતબર ગ્રાન્ટ ફાળવી અને જિલ્લા તંત્રને ગ્રાન્ટના વપરાશ માટે કાન પણ આમળ્યો. પરંતુ કરકસરની નીતિના બ્હાનાને આગળ ધરી તંત્ર એ માત્ર ૯.૨૪ લાખનો ખર્ચ કર્યો હતો.

૨૦૧૫-૧૬માં સરકારે ગ્રાન્ટ ના ફાળવી પણ તંત્રને ખર્ચ કરવા માટે બચત ગ્રાન્ટનો ઉપયોગ કરવા તાકીદ કરી તો તંત્ર એ ૨૦૧૫-૧૬માં ૧૯.૧૫ લાખનો ખર્ચ આ યોજના પાછળ કર્યો.

● અનુસંધાન પાન-૭ પર

## માર્ચના અંતે પારો ૪૦ ડિગ્રીને પાર

**આકરી ગરમીનો અનુભવ : ગરમી અને રજાના કારણે લોકો ઘરમાં જ પુરાઈ રહ્યા : એસી, કુલર અને પંખા ફૂલસ્પીડે ચાલ્યા**

ગાંધીનગર, તા. ૨૬

માર્ચ મહિનો હજુ પુરો થયો નથી ત્યાં તો ગરમીએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. રવિવારે પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. આકરી ગરમીની અસર જનજીવન પર જોવા મળી હતી. આજે મોસમનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો.

આ વર્ષે ઉનાળો આકરો રહેશે તેવી આગાહી હવામાન વિભાગે અગાઉ જ કરી દીધી હતી. આગાહી અનુસાર જ આકરી ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. હજુ તો માર્ચ મહિનો પુરો થયો નથી ત્યાં તો મહત્તમ તાપમાન ૪૦.૬ ડિ.સે. સુધી પહોંચી ગયુ છે. છેલ્લા બે દિવસથી ગરમી વધી રહી હતી. આજે મહત્તમ ગરમી અનુભવાઈ હતી. સવારથી જ તીવ્ર ગરમી અનુભવાતા લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યુ હતુ. રવિવાર હોવા છતાં વસાહતીઓએ શાકભાજી અને ઘરવખરીની ચીજો ખરીદવાનુ મુલ્તવી રાખ્યુ હતુ. સાંજ પછી થોડીક ગરમી ઓછી થતાં વસાહતીઓ બહાર નીકળ્યા હતા. બપોરે ગરમ પવન ફુંકાતા વસાહતીઓને ઘરના બારીબારણા બંધ રાખવાની ફરજ પડી હતી. ગરમી અને રવિવારની રજાનો આનંદ વસાહતીઓએ ઘરમાં રહીને માણ્યો હતો. પંખા, કુલર અને એસી ફુલસ્પીડે ચલાવી વસાહતીઓ આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. વળી હાલમાં પરીક્ષાઓની સીઝન ચાલતી હોઈ બાળકો પણ આખો દિવસ ઘરમાં જ રહેતા બગીચાઓ અને હરવા ફરવાના સ્થળો સુના રહ્યા હતા. સાંજ પછી જનજીવનમાં થોડીક હલચલ જોવા મળી હતી. સૂર્યાસ્ત થયા બાદ ગરમી સહેજ ઘટી હતી. ગરમી ઘટ્યા બાદ વસાહતીઓ ઘરની બહાર જોવા મળ્યા હતા.

ઘ-૪ સર્કલ પાસેના સ્વર્ણિમ ગાર્ડનમાં સાંજ પછી ભીડ જામવા માંડી હતી. છેક રાત્રે બાર વાગ્યા સુધી અહીં વસાહતીઓની ભારે અવરજવર રહી હતી. હજુ આગામી બે-ત્રણ દિવસોમાં ગરમી વધવાની પુરેપુરી સંભાવના છે. આજે મહત્તમ તાપમાન ૪૦.૬ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૦.૫ ડિ.સે. રહ્યુ હતુ.

## કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ ૩જીએ ગાંધીનગર આવે છે

**ટીમનો વિગતવાર કાર્યક્રમ એકાદ દિવસમાં આખરી કરી દેવાશે : ટીમ માટે જિલ્લામાંથી અધિકારીઓને ગાંધીનગર બોલાવાયા છે**

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં ચૂંટણી વહેલી આવી રહી હોવાની અટકળો વચ્ચે કેન્દ્રીય ચૂંટણી પંચની એક ટીમ ૩જી એપ્રિલે ગાંધીનગર આવી રહી હોવાની વાતને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં ગરમાવો વધી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૩જી એપ્રિલે કેન્દ્રીય ચૂંટણી પંચની એક ટીમ ગાંધીનગર આવી રહી છે અને રાજયના તમામ જિલ્લાઓમાં ખાસ અધિકારીઓને પણ ગાંધીનગર બોલાવવામાં આવ્યા છે. આ ટીમ આ અધિકારીઓને મળનાર હોવાનું જાણવા મળેલ છે.

હાલ તો આ ટીમની મુલાકાતને લઈ ગાંધીનગરમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે. જો કે ટીમનો સત્તાવાર કાર્યક્રમ એકાદ બે દિવસમાં આખરી થઈ જશે તેમ માનવામાં આવી રહ્યું છે.

પંચના સત્તાવાર સૂત્રોમાં આવી રહેલી ટીમના સંકેતો મળી રહ્યા છે પરંતુ તે અંગે હજુ કોઈ ચોકકસ વિગતો આપવાથી દૂર રહી અને મૌન રહેવાનું પસંદ કરી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજકીય પક્ષોમાં તો ચૂંટણી વહેલી આવી રહી હોવાની વાતોને લઈ ધમધમાટ ચૂંટણી લક્ષી આરંભાઈ ચુકયો છે.

તો પંચે પણ ઈલેકશન ડયુટી માટે કર્મચારીઓનો ડેટા બેઝ તૈયાર કરવાની સૂચના દરેક કલેકટરને આપી દીધી છે આ ઉપરાંત શિક્ષણ વિભાગે તો શિક્ષકોને ફાળવણી માટે પણ આદેશો જારી કરી દીધા છે.

● અનુસંધાન પાન-૭ પર

જન્મદિને વધામણી



શ્રી મિતુલ જોષી

આજે આપના જન્મદિને અંતરના ઉમળકાથી શુભકામનાઓ પાઠવીએ છીએ... આપનું જીવન હંમેશા ગતિ-પ્રગતિમય રહો એવી મનોકામના વ્યક્ત કરીએ છીએ..
આપના જીવનની પળે-પળ પર્વ બની રહે એવી પરમ તત્વને વંદના કરીએ છીએ...



યશ અશ્વિનભાઈ કોટવાલ
(પ્રમુખ, વિજયનગર તાલુકા પંચાયત)



મેહુલ વી. ચૌધરી
(પ્રમુખ, ખેરાલુ NSUI, અને બિલ્ડર)

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફ્લાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com